નવસારી જીલ્લા પોલીસ તરફથી કરવામાં આવેલ સારી કામગીરીની વિગત  સાફલ્યગાથા

તા.૩૧/૦૭/૨૦૨૩ થી ૦૬/૦૮/૨૦૨૩

| કચેરી/ શાખા / | કરેલ સારી કામગીરી |
| --- | --- |
| **નવસારી જીલ્લાના તેમજ જીલ્લા બહારના નાસતા ફરતા આરોપીઓ પકડી પાડવા આપેલ સુચના અને માર્ગદર્શન આધારે બાતમી મેળવી એમ.આર.વાળા પો.સ.ઇ. પેરોલ ફર્લો, નવસારી અને તેમની ટીમના પોલીસ કર્મચારીઓ સાથે ખેરગામના પ્રોહીબીશનના ગુનામાં  નાસતા ફરતો આરોપી  મોહમદ ઇમરાન ઉર્ફે તમાકુ ઇદ્રીશ હાફેજી  રહે.૨/૩૨૨૫ સગરામપરુા લહુાર શેરી સામે જામા મસ્જીદ સરુતને પકડી પાડવામાં આવેલ.** |  |
| પોલીસ કંટ્રોલરૂમ, નવસારીને મળેલ સંદેશા આધારે વાંસદા પો.સ.ઇ.શ્રી જે.વી.ચાવડાનાઓએ વાંસદા પોલીસની SHE TEAM ને પી.સી.આર.વાન સાથે તાત્કાલીક હકિકતવાળી જગ્યા પર મોકલી ગામના સરંપચશ્રીએ અજાણયા દિવ્યાંગ બાળકને  પોતાના ઘરે બેસાડી સાચવી રાખેલ તેમની પાસેથી બાળકનો કબજો મેળવી વાંસદા પોલીસ સ્ટેશન લાવી સોશિયલ મિડિયાના માધ્યમથી છોકરાના ફોટોગ્રાફસ મેસેજ ફોરવર્ડ કરતા બાળક જુજ ગામનો હોવાનુ જાણવા મળી આવતા જુજ ગામના સરપંચશ્રીનો સંપર્ક કરી પરિવારને સરપંચશ્રી સાથે વાંસદા પોલીસ સ્ટેશન બોલાવી  માનસિક રીતે દિવ્યાંગ બાળકની ઓળખ કરી આગેવાનોની હાજરીમાં પરિવારથી વિખુટુ પડેલ બાળકને મેળાપ કરાવી સંવેદનશીલ અભિગામ સાથે સેવા-સુરક્ષા-શાંતિના સુત્રને સાર્થક કરતી વાંસાદા પોલીસ સ્ટેશનની SHE TEAM |  |
| આગામી મહોરમ તાજીયા તહેવાર તેમજ શ્રામવણમાસ અનુસંધાને આયોજક તથા શાંતિ સમતીના સભ્યો સાથે બેઠક યોજવામાં આવેલ. | |
|  |  |

જીલ્લામાં બનતા વાહન ચોરીના ગુનાહો શોધી કાઢવા એલ.સી.બી. પોલીસ ઇન્સ્પેકટર ડી.એસ.કોરાટ નાઓને આપેલ સુચના અને માર્ગદર્શન આધારે એલ.સી.બી. પોલીસની ટીમ દ્વારા ખેરગામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં વોચ તપાસમાં રહી બે આરોપીઓને પકડી પાડતા ઉંડાણપુર્વક પુછપરછ કરતા બે મોટર સાયકલ નવસારી જીલ્લાની તેમજ એક મોટર સાયકલ સુરત ગ્રામ્ય જીલ્લાના મહુવા પો.સ્ટે. વિસ્તારમાંથી ચોરી કરેલ હોવાનુ  જણાવતા ૩ વાહન ચોરીના મુદામાલ સાથે ગુનાઓનો ભેદ ઉકેલતી એલ.સી.બી. પોલીસની ટીમ.

<u>પકડાયેલ આરોપી</u>

શિવા રમેશભાઇ પવાર રહે. ઘેજગામ દુકાન ફળીયા તા. ચીખલી. નવસારી.

આકાશ ઉર્ફે વિકાશ ભુજંગભાઇ પવાર રહે . કુંભાર ફળીયા નવસારી રૂરલ







**લોકલ ક્રાઇમ બ્રાન્ચ,નવસારી**

**ટેલીફોન નંબર ૦૨૬૩૭-૨૪૭૫૦૮**

sp-nav-legal@gujarat.gov.in



પ્રેસનોટ તા.૦૨/૦૮/૨૦૨૩

**વરલી મટકાનો જુગાર રમાડતા બે ઇસમોને જુગારના સાધનો તથા રોકડા રૂપિયા મળી કુલ રૂપિયા ૩૩,૫૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી એલ.સી.બી.નવસારી**

**શ્રી સુશિલ અગ્રવાલ, પોલીસ અધિક્ષક, નવસારી** નાઓએ નવસારી જિલ્લામાં પ્રોહીબીશન/જુગારની પ્રવૃતિ નેસ્ત નાબુંદ કરવા તથા પ્રોહી/જુગાર લીસ્ટેડ બુટલેગરો તથા પ્રોહી/જુગારની પ્રવૃતિ સાથે સંકળાયેલ ઇસમો ઉપર વોચ રાખી, માહિતી મેળવી સફળ રેઇડો કરવા તથા શોધી કાઢવા માટે **ડી.એસ.કોરાટ,પોલીસ ઇન્સ્પેકટર, એલ.સી.બી.નવસારી** નાઓને જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ.

ઉપરોકત સુચનાઓ અંગે અસરકારક કામગીરી કરવા ડી.એસ.કોરાટ પોલીસ ઈન્સ્પેકટર એલ.સી.બી નવસારી નાઓએ એલ.સી.બી.સ્ટાફના પોલીસ કર્મચારીઓને પ્રોહીબીશન/જુગારની ગેરકાયદેસરની પ્રવૃતિ રોકવા ખાનગી બાતમીદારો રોકી બાતમી હકીકત મેળવી ઉપરોકત હુકમનું ચુસ્તપણે પાલન થાય તેવી સુચના આપેલ. જે આધારે આજ તા.૦૨/૦૮/૨૦૨૩ ના રોજ એલ.સી.બી.સ્ટાફના પોલીસ કર્મચારીઓ નવસારી જિલ્લા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન **HC મિલનભાઇ મનસુખભાઇ તથા PC અર્જુનભાઇ પ્રભાકરભાઇ** નાઓને મળેલ સયુંકત બાતમી હકીકત આધારે મોજે જલાલપોર ફાટકથી એરૂ તરફ જતા સ્ટેશન રોડ ઉપર આવેલ હોટલ રાજપુતાની બાજુમાં તા.જલાલપોર, જિ.નવસારી ખાતે રેઇડ કરી જાહેરમાં પોતાના માણસો રાખી બહારથી માણસો બોલાવી તેઓ પાસેથી પૈસા લઇ પૈસા વતી લગાઇ લઇ લગાડી મિલન બજારનો હારજીતનો વરલી મટકાનો જુગાર રમી રમાડતા **આરોપીઓ (૧) છોટુભાઇ ઉકાભાઇ ધો.પટેલ, ઉ.વ.૬૩ રહે. બીલીમોરા, પુરોહિત હોટલ પાછળ રેલ્વે સ્ટેશન સામે તા.ગણદેવી, જિ.નવસારી તથા (૨) અશોકભાઇ ફકીરાભાઇ ટકલે, ઉ.વ.૫૯ રહે.વિજલપોર, શ્યામનગર-૨ સ્વામીનારાયણ મંદિરની સામે તા.જલાલપોર જિ.નવસારી** નાઓને **જુગાર સાધનો (૧) કુલ-૦૭ સફેદ કલરના કોરા કાગળમાં વરલી મટકાના આંક લખેલ કાપલીઓ કિ.રૂ. ૦૦/- (૨) બે બોલપેન કિ.રૂ. ૦૦/- તથા આરોપીઓની અંગ ઝડતીમાંથી (૩) રોકડા રૂપિયા ૨૩,૦૦૦/- તથા (૪) બે મોબાઇલ ફોન કિ.રૂ.૧૦,૫૦૦/- મળી કુલ રૂપિયા ૩૩,૫૦૦/- ના મુદ્દામાલ** સાથે પકડી પાડી પકડાયેલ આરોપીઓ વિરૂધ્ધમાં જલાલપોર પોલીસ સ્ટેશન ખાતે જુગારધારાનો ગુનો રજીસ્ટર કરાવેલ છે.

❖ **સારી કામગીરી કરનાર અધિકારી/કર્મચારી-**

**PI** ડી.એસ.કોરાટ, **ASI** શંકરભાઇ થાવરાભાઇ, **ASI** સુનિલસિંહ દેવિસિંહ, **HC** મિલનભાઇ મનસુખભાઇ, **PC** અર્જુનભાઇ પ્રભાકરભાઇ તમામ નોકરી એલ.સી.બી.નવસારી

